## આજે કીર્તિમંદિરની આર્ટ ગેલેરીમાં સયાજીરાવના ૧૫૦ પેઈન્ટિંગનું પ્રદર્શન

# આવતીકાલે શહેરમાં આન-બાન-શાન સાથે શાહી 'સયાજી સવારી' નીકળશે

(પ્રતિનિધિ દ્વારા) વડોદરા,તા.૯

૧૧મી માર્ચ એટલે મહારાજા સયાજીરાવ ગાયકવાડ(ત્રીજા)ની જન્મજયંતી. આવતી કાલથી બે દિવસ શહેરમાં સયાજીરાવની ૧૫૦મી જન્મ જયંતીની એક ઉત્સવ તરીકે ઉજવણી કરાશે. તેમાં પણ ખાસ કરીને આ રવિવારનો દિવસ તો વડોદરા જ નહિ પરંતુ આખા ગુજરાતના ઈતિહાસના પાનાઓમાં એક છાપ અંકિત કરી જાય તેવો બની રહેશે. આ રવિવારે શહેરના રાજમાર્ગો પર દિર્ઘદ્રષ્ટા મહારાજા સયાજીરાવની આન-બાન અને શાન સાથે શાહી 'સયાજી સવારી' નીકળશે. મરાઠી નૃત્ય, ભાંગડા સહિતના વિવિધ ધર્મ અને જ્ઞાતિના લોકનૃત્ય નિહાળવા મળશે. સયાજી સવારીમાં સામાજિક કે શૈક્ષણિક સંસ્થાઓ અને ધાર્મિક સંપ્રદાયો સહિત અસંખ્ય લોકો જોડાશે. એટલુ જ નહિ, સયાજી સવારીમાં જોડાનાર ગાયકવાડ પરિવારના સભ્યો રાજવી વેશ પરિધાન કરશે. તેમજ ગાયકવાડી રાજ્યના શસ્ત્રાગારના વિવિધ શસ્ત્રોનું નિદર્શન કરાશે. રવિવારે આખો દિવસ વિવિધ સ્થળો પર કાર્યક્રમો યોજાશે. આ ઉત્સવને નિહાળનારાઓને એક તબક્કે ગાયકવાડી શાસનની અનુભૂતિ થશે.

સયાજી સવારીમાં ૧૦૦ જેટલા વિકલાંગો ટ્રાયસિકલ સાથે અને ૧૫૦ જેટલા સ્કેટર્સ ભાગ લેશે. વિવિધ રમત ગમતોના મંડળો દ્વારા પણ નિદર્શન કરાશે. સવારીમાં વિવિધ વિષયોને આવરી લેતાં કુલ ૧૦૦ ફ્લોટ તૈયાર કરાયા છે. જ્યારે રાત્રીના સમયે ઐતિહાસિક ઈમારતો રોશનીથી શણગારવામાં આવશે.

વડોદરાને સાંસ્કૃતિક રાજધાની અને સુશાસનની પાટનગરી બનાવનારા મહારાજા સયાજીરાવ ત્રીજાને આદરાંજલી આપવાના ભાગરૂપે વર્તમાન પેઢીને સયાજીરાવના સુવર્ણ યુગ બાબતે માહિતગાર કરવાના હેતુસર તેમની ૧૫૦મી જન્મ જયંતીના દિવસે પ્રાચીનકાળમાં જે રીતે રાજા - મહારાજાઓની સવારી નીકળતી હતી તે રીતે શોભાયાત્રા કાઢવામાં આવશે.

પૌરાણિક સવારીઓમાં જે પ્રમાણે નગારા,નિશાન, ધ્વજા અને સૂર્યચંદ્રની આવદાગીરી ( સૂર્ય - ચંદ્ર પણ મહારાજાની સાથે ચાલી રહ્યા છે તેવો ભાવ રજૂ કરવો), ચમ્મર, છત્ર, પોરછલ્લ વિગેરેનો સમાવેશ કરાતો હતો તે પ્રમાણે આગામી ૧૧મી માર્ચે પણ આ તમામનો સમાવેશ કરાશે. આગવી એવી પૌરાણિક ઢબે નીકળનારી આ શોભાયાત્રા નગરજનોના આકર્ષણનું કેન્દ્ર બનશે. વૈષ્ણવાચાર્ય પૂ. દ્વારકેશલાલજી વિશિષ્ટ રીતે શણગારેલી બગીમાં બિરાજમાન થશે. તેમની પાછળ બીજી બગીમાં રાજવી પરિવાર જોડાશે. શોભાયાત્રામાં અન્ય સંપ્રદાયના ધર્મગુરૂઓ પણ મોટી સંખ્યામાં જોડાશે તેમ અનોખી શોભાયાત્રાના આકર્ષણ સંદર્ભે જાણકારી આપતા વૈષ્ણવાચાર્ય પૂ. દ્વારકેશલાલજીએ જણાવ્યું હતું.

આશરે ૭૫ સભ્યોનું આ ગ્રૂપ શોભાયાત્રા દરમિયાન શહેરના

અનુસંધાન **પાના નં ૧૫** ઉપર




**વૈષ્ણવાચાર્ય પૂ. દ્વારકેશલાલજીની દોરવણી હેઠળ પૌરાણિક ઢબે શોભાયાત્રાનું આયોજન**

**શોભાયાત્રામાં ૧૫ બગી, અંબાડી સાથે બે હાથી તેમજ ૧૦ ઘોડસવારો આકર્ષણ જમાવશે**

**બાળવીરો લેઝીમ,મલખંભ તેમજ યોગનું નિદર્શન કરશે**

# 'ગાયકવાડસ ઓફ બરોડા' વેબ સાઈટ લોંચ

પ્રતિનિધિ દ્વારા) વડોદરા,તા. ૯

સર સયાજીરાવ ગાયકવાડ જ્યાં બેસીને નગરજનોની રજૂઆત સાંભળતા હતા એવા વૈભવી લક્ષ્મી વિલાસ પેલેસના દરબાર હોલમાં આજે રાજવી પરિવારના શ્રીમંત રણજીતસિંહ ગાયકવાડ દ્વારા સયાજીરાવ ગાયકવાડના જાજરમાન શાસનકાળ અને વડોદરા સ્ટેટના ઈતિહાસની રોચક અને રસપ્રદ માહિતીઓથી ભરપૂર ગાયકવાડસ ઓફ બરોડા નામની એક વેબ સાઈટનું વિમોચન કર્યુ હતું. શ્રીમંત મહારાજા રણજીતસિંહ ગાયકવાડની તબિયત નાદુરસ્ત હોવા છતાં તેઓ આજે આ પ્રસંગે હાજર રહયા હતા.

**જાજરમાન ઈતિહાસનું ડિજિટલાઈજેશન કરીને ઈ બુકસ મૂકવામાં આવી**

ગાયકવાડસ ઓફ બરોડા વેબ સાઈટની ડિઝાઈન પાથ ફાઈન્ડર નામની કંપની દ્વારા તૈયાર કરવામાં આવી હતી. www.gaekwadsofbaroda.com નામની આ વેબ સાઈટમાં ફોટોગ્રાફ મૂકવા અને માહિતીપ્રદ પુસ્તકોનું ડિજિટલાઈઝેશનથી વેબ સાઈટમાં ઢાળવામાં શાલિવાન ગાયકવાડ તથા વિનાયક ફડકેએ જહેમત ઉઠાવી છે.

વેબ સાઈટ ઓપન કરતાની સાથે હોમ પેજમાં હિસ્ટ્રી ઓફ બરોડા તથા મહારાજા સયાજીરાવ ગાયકવાડની વિગતો દર્શાવાઈ છે. જેમાં ઈ-બુક્સમાં મુકવામાં આવી છે જે ડાઉન લોડ થઈ શકે છે. આ પેજમાં મહારાજા સયાજીરાવ માટે અખબારો તથા મેગેઝિનોમાં પ્રકાશિત થયેલા અહેવાલો પણ છે. બીજા પેજમાં સર સયાજીરાવ પહેલા અને પછીના રાજવીઓથી લઈને હાલના ગાયકવાડ કુટુંબનું ફેમિલી ટ્રી (વંશ વેલો) દર્શાવ્યો છે. જેમાં ૩૭૪

અનુસંધાન **પાના નં ૧૫** ઉપર